Department of
Education

GOVERNMENT OF
WESTERN AUSTRALIA

# વેકસ્વિમ (VacSwim) ઓકટોબર કાર્યક્રમો

## તથ્ય પત્રિકા

VacSwim ઓક્ટોબર અને ઊનાળાની શાળાની રજાઓમાં આનંદદાયક તરણ વર્ગો પૂરા પાડે છે. તે આખા વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયામાં બાળકોને પાણીમાં સલામત અને આત્મવિશ્વાસી રહેવા જરૂરી કૌશલ્યો પૂરા પાડવાનો ધ્યેય ધરાવે છે.

### કોણ દાખલો લઇ શકે છે?

૫થી ૧૭ વર્ષનાં બાળકો તરણ તબક્કાઓ ૧થી ૧૬માં.

ચોક્કસ તબ્બકાને લગતી માહિતી માટે, અમારી વેબસાઇટ જોશો.

### દાખલાઓ ક્યારેથી શરૂ થાય છે અને બંધ થાય છે?

દાખલાઓ ૧૭ જુલાઇ ૨૦૨૪ને બુધવારથી શરૂ થાય છે.

દાખલાઓ ૧૪ ઑગસ્ટ ૨૦૨૪ને બુધવારે બંધ થાય છે.

### દાખલો કેવી રીતે કરાવવો?

દાખલો કરાવવાની સૌથી સરળ પદ્ધતિ છે, ઓનલાઇન અમારી વેબસાઇટ પર.

તમે દાખલાપત્રક ડાઉનલોડ પણ કરી શકો છો. એકવાર ભરી દીધું, પછી તેને છાપીને અને દાખલાઓ બંધ થવાની તારીખ પહેલાં ટપાલ મારફતે અમારી પાસે મોકલી આપો. વિગતો નીચે છે:

VacSwim
શિક્ષણ ખાતું (Department of Education)
Statewide Services Centre (રાજ્યવ્યાપી સર્વિસીઝ સેન્ટર)
33 Giles Avenue (૩૩ ગિલ્સ એવેન્યુ)
Padbury WA 6025 (પેડબરી ડબ્લ્યુએ ૬૦૨૫)

### ઓક્ટોબર કાર્યક્રમોની કિંમત કેટલી છે?

| કાર્યક્રમ | એક વ્યક્તિ | સિંગલ કન્સેશન | કુટુંબ* | કુટુંબ માટે છૂટ* |
|---|---|---|---|---|
| **ઓક્ટોબર કાર્યક્રમ** | $૩૨.૦૦ | $૨૦.૫૦ | $૮૫.૫૦ | $૫૭.00 |
| **ઓક્ટોબર ટૂંકો કાર્યક્રમ** | $૧૬.૫૦ | $૧૧.૫૦ | $૪૩.૫૦ | $૨૯.૦૦ |

*કુટુંબ દાખલામાં એક જ સરનામે રહેતા ૩ કે તેથી વધુ બાળકોનો સમાવેશ થાય છે.

આ કિંમતોમાં બાળકો કે નજર રાખી રહેલ પુખ્તવયનાઓ માટે તરણકૂંડમાં પ્રવેશનો સમાવેશ થતો નથી.



CC BY

૧૮/૦૬/૨૦૨૪

## છૂટ મેળવવા માટે કોણ પાત્ર છે?

નીચેના કાર્ડ ધરાવતી કોઇ પણ વ્યક્તિ:

- કંપેનિયન કાર્ડ
- કોમનવેલ્થ સિનિયર્સ હેલ્થ કાર્ડ
- ડિપાર્ટમેંટ ઓફ વેટરન્સ અફેયર્સ (સોનેરી, સફેદ, કેસરી)
- હેલ્થ કેર કાર્ડ
- આઉટ ઓફ સ્ટેટ સિનિયર્સ કાર્ડ
- પેન્શનર કન્સેશન કાર્ડ
- સ્ટેટ કન્સેશન કાર્ડ
- ડબ્લ્યુએ સિનિયર્સ કાર્ડ

## વર્ગો ક્યારે છે?

ઓક્ટોબરનો કાર્યક્રમ ૨૫ સપ્ટેમ્બરને બુધવારથી ૪ ઓક્ટોબર ૨૦૨૪ને શુક્રવાર સુધી ૮ દિવસ માટે ચાલે છે.

ઓક્ટોબરનો ટૂંકો કાર્યક્રમ ૩૦ સપ્ટેમ્બરને સોમવારથી ૪ ઓક્ટોબર ૨૦૨૪ને શુક્રવાર સુધી ૫ દિવસ માટે ચાલે છે.

## વર્ગોનો સમય શું છે?

ઓક્ટોબરનો કાર્યક્રમ મોટાભાગના સ્થળોએ સવારમાં ચાલે છે.

ઓક્ટોબરનો ટૂંકો કાર્યક્રમ બપોરે ચાલે છે, સામાન્ય રીતે બપોરે ૧૨ઃ૨૫થી ૩ઃ૨૫ સુધી.

સ્થળ મુજબ વર્ગોનાં સમય બદલાય છે. વધુ માહિતી માટે અમારી વેબસાઇટની મુલાકાત લો.

## આ વર્ગો કેટલી અવધિના હોય છે?

ઓક્ટોબર કાર્યક્રમનાં વર્ગો ૪૫ મિનિટના હોય છે.

ઓક્ટોબરના ટૂંકા કાર્યક્રમનાં વર્ગો ૩૫ મિનિટના હોય છે.

## VacSwim વિશે વધુ માહિતી હું કેવી રીતે મેળવી શકું?

તમે education.wa.edu.au/vacswim પર અમારી વેબસાઇટની મુલાકાત લઇ શકો છો, vacswim@education.wa.edu.au પર અમને ઇમેલ કરી શકો છો અથવા (૦૮) ૯૪૦૨ ૬૪૧૨ પર ફોન કરી શકો છો.


CC BY